*મર્ડરના ગુનાના મુખ્ય આરોપીને શોધી કાઢતી, સુરત શહેર લીંબાયત પોલીસ.*

સુરત શહેરના લીમ્બાયત પો.સ્ટે. પાર્ટ A ગુ.ર.નં.૧૧૨૧૦૦૨૫૨૦૦૩૪૩/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૦૨,૩૦૭,૩૨૪,૧૪૩,૧૪૪,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો અજાણ્યા ઇસમો વિરૂધ્ધ નોધાયેલ સદર અજાણ્યા ઇસમોને ઝડપી પાડવા સારૂ પો.સ.ઇ. એમ.જી.રાઠોડ નાઓના સી.સી.ટી.વી. તેમજ મોબાઇલના ટેકનીકલ માર્ગદર્શન આધારે પો.સ્ટે. વિસ્તાર ખાતે પોલીસ માણસોની અલગ અલગ ટીમો તૈયાર કરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અંગત બાતમી હકીકત મેળવી સદર ગુનાનો નાસતો ફરતો મુખ્ય આરોપી દિપક ઉર્ફે દિપુ પવન ઉર્ફે શીવપ્રસાદ પાંડેનાઓને વોચમાં હતા તે સમય દરમ્યાન સાથેના અ.હે.કો. યુવરાજસિંહ સામતસિંહ તથા અ.હે.કો. રાજુભાઇ હાલુભાઇનાઓના બાતમીદાર દ્વારા હકીકત મળેલ કે “આજથી અઠવાડીયા પહેલા ગોડાદરા શ્રીજી આર્કેડ દુકાન નં.૧, પાસે મરણ જનાર ભાર્ગવ યશવંત ચૌધરીએ મજકુર આરોપી તેમજ સહ આરોપીઓ પાસે ચાઇનીઝની લારીએ નાસ્તો કરી, નાસ્તાના પૈસા માગતા મરણ જનારને ચપ્પુના ઘા મારી, ઇજા પહોંચાડી નાસી ગયેલ હોય, જે મજકુર ઇસમ હાલ બૈજનાથ મહાદેવના મંદિર પાસે ઉભો છે. જેણે કેસરી કલરનુ ટી-શર્ટ તેમજ કાળા કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે” જેવી હકીકત મળતા હકીકતવાળી જગ્યાએ પહોંચી આ કામના આરોપીને પકડી પાડી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીનું નામ :- દિપક ઉર્ફે દિપુ S/O પવન ઉર્ફે શીવપ્રસાદ પાંડે ઉ.વ. ૧૮ વર્ષ ૩ માસ રહે. પ્લોટ નં. ૨૪, ૨૫, રણછોડનગર સોસાયટી, પટેલનગરની બાજુમાં, ગોડાદરા, સુરત મુળવતન – ગામ રામપુર પોસ્ટ. બરયપાર્ક થાના. મછલીશહર જી. જોનપુર (ઉતરપ્રદેશ)